# SANBLUE CORPORATION LIMITED

BSE Code: 521222

Date: 26/08/2025

To,
BSE Limited
Floor 25, P J Towers,
Dalal Street, Mumbai-400001.

Dear Sir/Madam

Sub: Newspaper Publication for Annual General Meeting

Pursuant to Regulation 47 of SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations,2015.

Kindly find enclosed the extract of the newspaper advertisement regarding the Notice of the 32ND Annual General Meeting (AGM) and E-voting information of the Company published in the attached Newspapers in English language as well as Gujarati Language.

**FOR SANBLUE CORPORATION LIMITED**

PANCHOLI JEKIL JITENDRAKUMAR

Digitally signed by PANCHOLI JEKIL JITENDRAKUMAR
DN: c=IN, o=Personal, postalCode=382481, l=Ahmedabad, st=Gujarat, street=11 gajraj society chandlodia, Daskroi, Daskroi Gujarat India 382481, title=7470, 2.5.4.20=d31316939b858aece10d022361e4ad8e4c041eb10579a6062139d3b942979fb0, serialNumber=7fad30c847adce95b2aeeec538037bc04a43e406fbff368ccc4b69daf9e999b5, email=csjekilpancholi@gmail.com, cn=PANCHOLI JEKIL JITENDRAKUMAR
Date: 2025.08.26 11:42:38 +05'30'

**JEKIL PANCHOLI**

**COMPANY SECRETARY**

**FCS 12329**

# આઈસીસીએ જાહેર કર્યું વનડે વર્લ્ડ કપનું નવું શેડ્યુલ

**નવી દિલ્હી,**

આઈસીસીએ મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૫ માટે સુધારેલો કાર્યક્રમ જાહેર કર્યો છે. હવે આ વર્લ્ડ કપ દરમિયાન બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં મેચ રમાશે નહીં. એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાનાર મેચો હવે નવી મુંબઈમાં શિફ્ટ કરી દેવામાં આવી છે. ચિન્નાસ્વામી સ્ટેડિયમની તમામ મેચ નવી મુંબઈ સ્થિત ડીવાઈ પાટિલ સ્ટેડિયમમાં રમાશે.

અહીં ત્રણ લીગ મેચ, એક સેમીફાઈનલ અને મહિલા વર્લ્ડકપની ફાઈનલ મેચ પણ અહીં રમાય એવી શક્યતા છે. જો પાકિસ્તાનની ટીમ ફાઈનલમાં પહોંચે તો મેચ કોલંબોના આર પ્રેમદાસ સ્ટેડિયમમાં રમાશે. જણાવી દઈએ કે, બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમને અસુરક્ષિત જાહેર કરવામાં આવ્યું હતું. આઈસીસી મહિલા વર્લ્ડકપનું આયોજન ૩૦ સપ્ટેમ્બરથી ૨ નવેમ્બર સુધી ભારત અને શ્રીલંકામાં કરવામાં આવવાનું હતું. ડીવાઈ પાટિલ સ્ટેડિયમ સિવાય એસીએ સ્ટેડિયમ (ગુવાહાટી), હોલ્કર સ્ટેડિયમ (ઈન્દોર), એસીએ વીડીસીએ સ્ટેડિયમ (વિશાખાપટ્ટનમ) અને આર. પ્રેમદાસ સ્ટેડિયમ (કોલંબો)માં મેચ રમાશે. ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની જીત બાદ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં વિજય રેલી કાઢવામાં આવી હતી. આ વિક્ટ્રી પરેડ દરમિયાન સ્ટેડિયમ બહાર નાસભાગ મચી ગઈ હતી. જેમાં ૧૧ લોકોના મોત થયા હતા. સાથે જ ૫૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના બાદ જસ્ટિસ જોન માઈકલ ડી'કુન્હાની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી. જેણે પોતાની તપાસમાં એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમને મોટા આયોજન માટે અસુરક્ષિત માન્યું. આઈસીસી મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૫માં પહેલી સેમીફાઈનલ ૨૯ ઓક્ટોબરે ગુવાહાટી કે કોલંબોમાં રમાશે. જ્યારે બીજી સેમીફાઈનલ ૩૦ ઓક્ટોબરે નવી મુંબઈમાં રમાશે. જ્યારે ટુર્નામેન્ટની ફાઈનલ ૨ નવેમ્બરે કોલંબો અથવા નવી મુંબઈ ખાતે રમાશે. જો પાકિસ્તાન ટીમ અંતિમ ૪ માટે ક્વોલિફાઈ કરે તો તે પહેલી સેમીફાઈનલ કોલંબોમાં રમશે. જો પાકિસ્તાનની ટીમ ફાઈનલમાં પહોંચે છે તો, ફાઈનલની મેચ કોલંબોમાં જ રમાશે. જો પાકિસ્તાની ટીમ સેમીફાઈનલમાં નહીં પહોંચી શકે તો તમામ નોકઆઉટ મેચ ભારતમાં જ યોજાશે.

# બિહારમાં ચૂંટણી પહેલા ભાજપનો મોટો ખેલ

**પટણા,**

બિહારમાં વિપક્ષના અનેક ધારાસભ્યો પલટું બદલી શકે છે. જેનો સંકેત આજે શુક્રવારે ગયામાં પીએમ મોદીની રેલી દરમિયાન મળ્યો છે. વડાપ્રધાન મોદીની રેલીમાં મંચ પર આરજેડીના બે ધારાસભ્યો જોવા મળ્યા છે. નવાદામાંથી આરજેડીના ધારાસભ્ય વિભા દેવી અને રજૌલી ધારાસભ્ય પ્રકાશ વીર એનડીએના નેતાઓ સાથે મંચ શેર કરી રહ્યા હતાં.

જાણકારી અનુસાર, વડાપ્રધાન મોદી જ્યારે ગયાજી પહોંચ્યા હતાં, ત્યારે મંચ પર નવાદામાંથી આરજેડીના વર્તમાન ધારાસભ્ય વિભા દેવી અને રજૌલી ધારાસભ્ય પ્રકાશ વીરને મળ્યા હતાં. વિભા દેવી હાલમાં જ જેલમાંથી મુક્ત થયેલા બાહુબલી રાજ બલ્લભ યાદવની પત્ની છે. આરજેડીના બંને ધારાસભ્ય એનડીએના કોઈ પણ પક્ષમાં સામેલ થઈ શકે છે. બંને ધારાસભ્યોએ આરજેડીમાંથી હાલ અંતર જાળવ્યું છે.

જણાવવામાં આવ્યું છે કે, એનડીએના મંચ પર આરજેડીના બે ધારાસભ્યોની ઉપસ્થિતિથી રાજકારણમાં હડકંપ મચ્યો છે. ગયામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલી દરમિયાન ધારાસભ્ય વિભા દેવી અને પ્રકાશ વીર મંચ પર બેઠા હતાં. તેમની ઉપસ્થિતિએ આરજેડી છોડવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ઉલ્લેખનીય છે, વિભા દેવી આરજેડીના પૂર્વ ધારાસભ્ય રાજ બલ્લભ પ્રસાદ યાદવના પત્ની છે. હાલમાં જ પટનાના હાઈકોર્ટના દુષ્કર્મ મામલે રાજ બલ્લભને મુક્ત કર્યા હતાં. તે પહેલાં નવાદાની નીચલી કોર્ટે તેમને દોષિત ઠેરવ્યા હતાં. રાજૌલી મત વિસ્તારમાંથી આરજેડી ધારાસભ્ય પ્રકાશ વીર રાજ બલ્લભ પ્રસાદના અંગત વ્યક્તિ છે. તેમને આગામી વિધાનસભા ચૂંટણી માટે પક્ષ તરફથી ટિકિટ મળવાની કોઈ સંભાવના જણાતી નથી. નવાદામાં મતદાર અધિકાર યાત્રા દરમિયાન આરજેડી નેતા તેજસ્વી પ્રસાદે ટિકિટ મુદ્દે સ્પષ્ટ સંકેત આપ્યા હતાં.

# આમોદમાં રખડતાં ઢોરોના ત્રાસ વચ્ચે પાલિકાએ બનાવેલો ઢોર ડબ્બો શોભાના ગાંઠીયા સમાન

**(પ્રતિનિધિ) ભરૂચ,**



(તસ્વીર: વિરલ રાણા, ભરૂચ)

આમોદ નગરમાં રખડતા ઢોરનો ત્રાસ ખૂબ જ વધી ગયો છે.આમોદ પાલિકાએ બનાવેલા ઢોર ડબ્બામાં હજુ સુધી એક પણ ઢોર પકડીને પૂરવામાં આવ્યું નથી.ત્યારે પાલિકાએ હાલમાં ઢોર ડબ્બાના રીપેરીંગ પાછળ ચાર લાખથી વધુનો ખર્ચ કરતા નગરજનોમાં પાલિકા ખોટા ખર્ચ કરી અણઘડ વહીવટ કરતી હોવાનું ચર્ચાઈ રહ્યુ છે.

અત્રે નોંધવું રહ્યુ કે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ એક રૂમ એક કિચન બનાવવા માટે સાડા ત્રણ લાખ આપવામાં આવે છે.જે બિમ કોલમ ધાબુ ભરીને બનાવવામાં આવે છે.ત્યારે પાલિકાએ બનાવેલો આ ઢોર ડબ્બો બિમ કોલમ લીધા વગર માત્ર તળીયું,પ્લાસ્ટર અને પતરા મારીને રીપેરીંગ કરવામાં આવ્યો છે. જેના માટે ચાર લાખ ઉપરની રકમ નગરપાલિકા દ્વારા કેવી રીતે વાપરવામાં આવી તે નગરજનોમાં ચર્ચાનો વિષય બન્યો છે. આમોદ નગરમાં જાહેર રોડ

## પાલિકામાં ઢોર પકડવાની ટીમના અભાવ વચ્ચે ઢોર ડબ્બાનું લાખો રૂપિયાનું બિલ ચૂકવી દેવાયું

ઉપર તેમજ મેઈન બજારમા રખડતા ઢોરનો ત્રાસ વધતો જાય છે પરંતુ પાલિકા પાસે ઢોર પકડવા માટે નિષ્ણાંત ટીમ નથી કે ઢોર પકડવાના સાધનો પણ નથી ત્યારે પાલિકાએ ઢોર ડબ્બાના રીપેરીંગ કરવા પાછળ ચાર લાખથી વધુનો ખર્ચ કેમ કર્યો તે નગરજનોને સમજાતું નથી. નગરજનોમાં ચર્ચા જગી છે કે નગર પાલિકાએ લાખોના ખર્ચે ઢોર પુરવા માટે ઢોર ડબ્બો તો રીપેરીંગ કરાવ્યો પણ નગરમાં ફરતા પશુઓ પકડી ઢોર ડબ્બામા પુરવા માટે કોઈ વ્યક્તિની નિયુક્તિ કરેલ નથી.જોકે શાસક પક્ષ ભાજપના જ ૧૨ સદસ્યોએ ઢોર ડબ્બો રીપેરીંગ કરવા બાબતે વિરોધ નોંધાવી તેમાં ગુણવત્તા વગરનું કામ ચાલતું હોવાની ઉચ્ચ કક્ષાએ તેમજ મુખ્ય અધિકારીને ફરીયાદ કરી હતી છતાં તેનું બિલ કેવી રીતે ચૂકવી દેવાયું? તે નગરમાં ચર્ચાઈ રહ્યુ છે.

# શ્રીલંકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેની ધરપકડ

**કોલંબો,**

શ્રીલંકાના પૂર્વ રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેની ભ્રષ્ટાચારના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. અહેવાલ અનુસાર સપ્ટેમ્બર ૨૦૨૩માં બ્રિટિશ યુનિવર્સિટીમાં તેમની પત્નીના સન્માનમાં આયોજિત સમારોહમાં હાજરી આપવા માટે લંડનની તેમની યાત્રા અંગે પૂછપરછ કર્યા બાદ વિક્રમસિંઘેની ધરપકડ કરવામાં આવી હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે વિક્રમસિંઘેને કોલંબો ફોર્ટ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવશે. તેમના પર દેશના સંસાધનોનો ઉપયોગ વ્યક્તિગત હેતુઓ માટે કરવાનો આરોપ મૂકાયો છે. રાનિલ વિક્રમસિંઘે ૨૦૨૩માં હવાનાથી પરત ફરતી વખતે લંડનમાં રોકાયા હતા, જ્યાં તેમણે જી-૭ સમિટમાં હાજરી આપી હતી. વિક્રમસિંઘે અને તેમની પત્ની મૈત્રીએ વોલ્વરહેમ્પ્ટન યુનિવર્સિટીમાં એક સમારોહમાં હાજરી આપી હતી. વિક્રમસિંઘેએ કહ્યું હતું કે તેમની પત્નીએ તેમની યાત્રાનો ખર્ચ પોતે ઉઠાવ્યો હતો અને તેમાં સરકારી નાણાંનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. પોલીસે આરોપ લગાવ્યો હતો કે વિક્રમસિંઘેએ વ્યક્તિગત યાત્રા માટે સરકારી નાણાંનો ઉપયોગ કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, તપાસમાં જાણવા મળ્યું છે કે રાનિલ વિક્રમસિંઘેના બોડીગાર્ડને પણ સરકારી તિજોરીમાંથી પગાર મળતો હતો.



# કેજરીવાલે જેલ જતાં પહેલાં રાજીનામું આપી દીધું હોત તો આજે આ પ્રકારના કાયદાની જરૂર ન પડત

## અમિત શાહે કહ્યું કે જેલમાં ગયેલા નેતાઓ પદ પર રહે તે યોગ્ય નથી

**નવી દિલ્હી,**

દેશના કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તાજેતરમાં કેરળ પ્રવાસ દરમિયાન એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું જેમાં તેમણે કહ્યું હતું કે દેશના વડા પ્રધાન, મુખ્યમંત્રીઓ કે મંત્રીઓ જો ગંભીર ગુનાહિત આરોપોમાં જેલમાં જાય અને છતાં પદ પરથી રાજીનામું ન આપે, તો શું તે લોકશાહી અને નૈતિકતા માટે યોગ્ય છે? અમિત શાહે જણાવ્યું કે ૭૦ વર્ષ પહેલા એક ઘટના આવી હતી જેમાં ઘણા નેતાઓ જેલ ગયા હતા પરંતુ તમામે જેલમાં જતાં પહેલાં રાજીનામું આપી દીધું હતું.

પરંતુ આજે એક અલગ જ પરિસ્થિતિ જોવા મળી રહી છે જ્યાં દિલ્હી રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જેલમાં હોવા છતાં સરકાર ચલાવી રહ્યા હતા. તેમણે ખાસ કરીને અરવિંદ કેજરીવાલનો ઉલ્લેખ કર્યા વિના તેમનો ઉલ્લેખ કર્યો. આ બેકડ્રોપમાં કેન્દ્ર સરકારે લોકસભામાં એક બિલ રજૂ કર્યું છે જેમાં જાહેર પદ ધારકો માટે ખાસ જોગવાઈ રાખવામાં આવી છે. નવા બિલ અનુસાર જો વડાપ્રધાન, મુખ્યમંત્રી કે મંત્રી સામે એવા ગુનાઓમાં કેસ નોંધાય છે જેમાની સજાની જોગવાઈ પાંચ વર્ષ કે તેથી વધુ હોય અને તેઓ ૩૦ દિવસથી વધુ સમય સુધી કસ્ટડીમાં હોય, તો ધરપકડના ૩૧મા દિવસે તેઓ આપમેળે પદ પરથી દૂર કરવામાં આવશે. વધુમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહે કહ્યું કે જો કેજરીવાલે જેલ જતાં પહેલાં રાજીનામું આપી દીધું હોત તો આજે આ પ્રકારના કાયદાની જરૂર ન પડત. તેમણે ઉમેરીને કહ્યું કે બંધારણ બનાવતી વખતે એવું કલ્પનાય નહોતું કે જેલમાં ગયેલા નેતાઓ પદ પર ચોંટેલા રહેશે. ''અમે એવું માનતા હતા કે નૈતિકતા મુખ્ય સ્થાન લેશે, પરંતુ આજે તેનો અભાવ જોવા મળે છે. હવે બંધારણમાં સુધારા કરવાની જરૂર ઊભી થઈ છે,'' એમ મંત્રીએ જણાવ્યું હતું. નવા બિલ મુજબ, રાજ્યના મુખ્યમંત્રીઓ અને મંત્રીઓ માટે પણ આવી જ જોગવાઈ લાગુ પડશે. કલમ ૧૬૪માં ફેરફાર કરીને એ ઉમેરવામાં આવશે કે જો મુખ્યમંત્રી અથવા મંત્રી કસ્ટડીમાં હોય અને ૩૦ દિવસ પૂરા થાય તો ૩૧મા દિવસે તેઓ પદ પરથી આપમેળે દૂર થશે. જો તેમની પાસે જામીન મળે તો તેઓ ફરીથી પદ પર નિમાઈ શકે છે,શાસક પક્ષ તેમ ઈચ્છે. આ બિલની સામે વિપક્ષે કડક આક્ષેપ કર્યાછે અને તેને રાજકીય રીતે પ્રેરિત જણાવ્યુંછે, પણ શાહે સ્પષ્ટ કર્યું કે આ બિલ કોઈ પક્ષ માટે નથી. ''જો આવો કાયદો બને છે તો તે ભાજપના મુખ્યમંત્રીઓ અને વડાપ્રધાન પર પણ લાગુ પડશે,'' એમ તેમણે જણાવ્યું. નૈતિકતા, સંવિધાનિક જવાબદારી અને જાહેર જીવનમાં પારદર્શિતાને ધ્યાનમાં રાખતા, આ બિલ દેશના રાજકીય સંસ્કૃતિમાં એક મોટા પરિવર્તન તરફ ઈશારો કરે છે.

# દિલ્હીની સીએમ રેખા ગુપ્તાના કાર્યક્રમમાં બે વ્યક્તિએ મચાવ્યો હોબાળો

**નવી દિલ્હી,**

મુખ્યમંત્રી રેખા ગુપ્તાની સુરક્ષામાં ફરી એકવાર મોટી ચૂક સામે આવી છે. એક અજાણ્યો વ્યક્તિ તેમના કાર્યક્રમમાં ઘૂસી ગયો અને હોબાળો મચાવ્યો હતો. આ સાથે જ, સુરક્ષા કર્મચારીઓએ તેમને ત્યાંથી બહાર કાઢ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૨૦ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ, મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર એક જન સંવાદ કાર્યક્રમમાં હુમલો કરવામાં આવ્યો હતો. આમાં તેમને ઈજા પણ થઈ હતી. આ ઘટના બાદ મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું હતું કે, આવી ઘટનાને કારણે તેઓ જનતા સાથે સીધો સંવાદ બંધ કરશે નહીં. બુધવારની ઘટના પછી, તેમની સુરક્ષા પણ વધારી દેવામાં આવી હતી. ત્યારે આજે ફરી એકવાર એક વ્યક્તિએ રેખા ગુપ્તાના કાર્યક્રમમાં હોબાળો મચાવ્યો હતો.

પોલીસે તેમાંથી એકની ઓળખ જાહેર કરી હતી. એક શંકાસ્પદ વ્યક્તિની ઓળખ પ્રવીણ શર્મા તરીકે થઈ છે. તે અજિત નગરમાં ટીવી કેબલનો વ્યવસાય કરે છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, પ્રવીણ શર્મા છેલ્લા ૪૦ વર્ષથી ભાજપ કાર્યકર છે. ડીસીપી શાહદરાએ જણાવ્યું હતું કે, પ્રવીણ શર્માએ મુખ્યમંત્રીના કાર્યક્રમમાં ધારાસભ્ય અરવિંદર સિંહ લવલી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

મુખ્યમંત્રી રેખા ગુપ્તા શુક્રવારે એક જાહેર સભાને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન, એક વ્યક્તિએ અચાનક હોબાળો મચાવ્યો હતો. આ દરમિયાન, ત્યાં સાદા કપડામાં તૈનાત સુરક્ષા કર્મચારીઓ તાત્કાલિક હરકતમાં આવી ગયા અને હોબાળો મચાવનાર વ્યક્તિને તાત્કાલિક કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. સુરક્ષા કર્મચારીઓની સતર્કતાને કારણે, સ્થળ પર બહુ હોબાળો થયો ન હતો.

# અમેરિકામાં ટ્રમ્પે અકસ્માતનું બહાનું બનાવી કોમર્શિયલ ટ્રક ડ્રાઈવરના વિઝા અટકાવ્યા

**વોશિંગ્ટન,**

અમેરિકાએ તમામ વિદેશી ટ્રક ડ્રાઈવરો માટે વિઝા ઈશ્યૂ કરવાનું તાત્કાલિક ધોરણે બંધ કરી દીધું છે. યુએસના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ ૨૧ ઓગસ્ટે ઠ પર આ અંગે જાહેરાત કરતા લખ્યું કે, અમે તાત્કાલિક અસરથી કોમર્શિયલ ટ્રક ડ્રાઈવરો માટે વર્કર વિઝા ઈશ્યૂ કરવાનું બંધ કરી રહ્યા છીએ. વર્કર વિઝા રોકવા પાછળનું કારણ ભારતમાંથી ગેરકાયદેસર રીતે અમેરિકા ગયેલો હરજિન્દર સિંહ છે, જેણે એક ભૂલને કારણે મોટો અકસ્માત સર્જ્યો હતો, જેમાં ત્રણ લોકોના જીવ ગયા હતા.

રુબિયોએ વધુમાં લખ્યું કે, અમેરિકાના રસ્તાઓ પર મોટા ટ્રેક્ટર-ટ્રેલર ટ્રક ચલાવતા વિદેશી ડ્રાઈવરોની વધતી સંખ્યા અમેરિકનોના જીવનને જોખમમાં મૂકી રહી છે અને અમેરિકન ટ્રક ડ્રાઈવરોની આજીવિકા ઘટી રહી છે.

અમેરિકામાં આ કાર્યવાહી એક મોટા અકસ્માત બાદ કરવામાં આવી છે. ફ્લોરિડાના એક હાઈવે પર ટ્રેક્ટર-ટ્રેલર ચલાવી રહેલા હરજિન્દર સિંહે જ્યાંથી મંજૂરી નહોતી ત્યાંથી યુ-ટર્ન લીધો, જેના કારણે પાછળ આવી રહેલી કારનો અકસ્માત થયો. આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા. હરજિન્દર પર બેદરકારીથી વાહન ચલાવીને હત્યા કરવાનો આરોપ મૂકાયો છે.

અમેરિકાના ફેડરલ અધિકારીઓ અનુસાર, હરજિન્દર સિંહ ભારતનો છે. તેણે કથિત રીતે મેક્સિકોના રસ્તે ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ કર્યો હતો. અકસ્માત બાદ તે અંગ્રેજીની પરીક્ષામાં પણ નિષ્ફળ ગયો. આ મામલો અમેરિકન મીડિયામાં ખૂબ ચર્ચામાં છે અને ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના નિયંત્રણવાળા ફ્લોરિડામાં અધિકારીઓ દ્વારા તેને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ દુર્ઘટનાએ એક રાજકીય સ્વરૂપ પણ ધારણ કરી લીધું છે. તેનું કારણ એ છે કે હરજિન્દર સિંહે પોતાનું કમર્શિયલ લાઈસન્સ કેલિફોર્નિયાથી લીધું છે અને ત્યાં જ રહે છે. હવે કેલિફોર્નિયા પર ટ્રમ્પના વિરોધી ડેમોક્રેટિક પાર્ટીનું શાસન છે અને તે ઈમિગ્રેશન પર ટ્રમ્પની કાર્યવાહીનો વિરોધ કરે છે.

# ગુજરાતમાં પ્રતિ કલાકે સરેરાશ ૧૦ વ્યક્તિ હૃદયની બીમારીનો શિકાર

**ગાંધીનગર,**

ગુજરાતમાં હૃદય સંબધિત સમસ્યાના કેસમાં દિવસેને દિવસે સતત વધારો જોવા મળી રહ્યો છે. આ વર્ષે જ ગુજરાતમાં હૃદય સંબધિત સમસ્યાના ૬૦ હજાર કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી સૌથી વધુ ૧૭૧૭૪ કેસ માત્ર અમદાવાદમાંથી સામે આવ્યા છે. ગુજરાતમાં ગયા વર્ષની સરખામણીએ હૃદયની સમસ્યા ધરાવતા દર્દીઓમાં ૧૮% જેટલો વધારો થયો છે, જેના પરથી જ ચિંતાજનક સ્થિતિનો તાગ મેળવી શકાય છે.ગુજરાતમાં આ વર્ષે ૧ જાન્યુઆરીથી ૧૮ ઓગસ્ટ સુધી હૃદય સંબધિત સમસ્યાના ૫૯,૯૩૧ કેસ સામે આવ્યા છે. ગયા વર્ષે આ સમયગાળામાં હૃદય સંબંધિત સમસ્યાના ૫૧,૪૫૩ કેસ નોંધાયા હતા. હાલની સ્થિતિએ સમગ્ર રાજ્યમાંથી પ્રતિદિવસે સરેરાશ ૨૬૨ જ્યારે પ્રતિ કલાકે ૧૦ વ્યક્તિને ઈમરજન્સી સેવા '૧૦૮'દ્વારા હૃદયની સમસ્યાને કારણે હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવા પડ્યા છે. ગયા વર્ષે અમદાવાદમાં આ સમયગાળામાં હૃદયની સમસ્યાના ૧૫,૨૪૭ કેસ નોંધાયા હતા, જે આ વખતે વધીને ૧૭,૧૭૪ થઈ ગયા છે. આમ, અમદાવાદમાં હાલ પ્રતિ કલાકે સરેરાશ ૭૫ વ્યક્તિને હૃદયની સમસ્યાને કારણે '૧૦૮'ની મદદ લેવી પડે છે. અમદાવાદની અસારવા સિવિલના પરિસરમાં આવેલી હૃદયની હોસ્પિટલની ઓપીડીમાં ૨,૩૨,૯૫૯ જ્યારે આઈપીડીમાં ૩૧,૧૯૧ દર્દી અત્યારસુધી નોંધાઈ ચૂક્યા છે. જેની સરખામણીએ ગત સમગ્ર વર્ષ દરમિયાન ઓપીડીમાં ૩,૬૩,૩૧૫ જ્યારે આઈપીડીમાં ૫૦,૦૭૭ દર્દી નોંધાયા હતા.

# વિશ્વના 'સૌથી દયાળુ જજ' ફ્રેન્ક કેપ્રિયોનું ૮૮ વર્ષની વયે અવસાન

**વોશિંગ્ટન,**

વિશ્વના 'સૌથી દયાળુ જજ' તરીકે જાણીતા અમેરિકન ન્યાયાધીશ ફ્રેન્ક કેપ્રિયોનું ૮૮ વર્ષની વયે અવસાન થયું છે. તેમના પરિવારે સોશિયલ મીડિયા પર પુષ્ટિ કરી હતી. તેઓ કેન્સરથી પીડાતા હતા. જો તમે પણ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરો છો તો ક્યારેક ને ક્યારેક તમે તેમને કોર્ટમાં પ્રેમાળ અને કરુણાપૂર્ણ ચુકાદા આપતા જોયા કે સાંભળ્યા હશે. તેમને હંમેશા તેમના દયાળુ સ્વભાવ માટે લોકો યાદ રાખશે.અમેરિકાના રહોડ્સ આઈલેન્ડ ખાતે રહેતા અને ૧૯૩૬માં જન્મેલા કેપ્રિયોએ ૨૦૨૩માં નિવૃત્તિ લેતા પહેલા લગભગ ચાર દાયકા સુધી ન્યાયાધીશ તરીકે સેવા આપી હતી. આ દરમિયાન તેઓ ભૂલો પ્રત્યે ઉદાર વલણ માટે જાણીતા બન્યા હતા. તેમનો કોર્ટરૂમ રિયાલિટી ટીવી શો 'કોટ ઈન પ્રોવિડન્સ' વર્ષ ૨૦૦૦માં શરૂ થયો હતો. આ જ શોથી તેઓ વિશ્વભરમાં લોકપ્રિય બન્યા હતા, જેમાં કેસની સુનાવણી કરવાની અનોખી શૈલી દર્શાવવામાં આવી હતી. તેમનો એક ભાવુક કરી દેતો વિડીયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થયો હતો જેમાં તેમણે એક વૃદ્ધ વ્યક્તિનું ઓવરસ્પીડિંગ ચલણ માફ કર્યું હતું.


## ગેલેક્સી બેરિંગ્સ લિમિટેડ

CIN: L29120GJ1990PLC014385

રજી. ઓફિસ : A-53/54, પરીસીમા કોમ્પલેક્ષ, સી. જી. રોડ, એલીસબ્રીજ, અમદાવાદ-380006.
ફોન : +91- 9925018030. ઈ-મેલ: investor@galaxybearings.com • વેબસાઈટ: www.galaxybearings.com

**ભૌતિક શેરધારકો માટે મહત્વપૂર્ણ વાતચીત**

**રોકાણ કરવામાં સરળતા - ભૌતિક શેરોના ટ્રાન્સફર વિનંતીઓના પુનઃલોજ માટે ખાસ વિન્ડો - રોકાણકારો માટે રોકાણ કરવામાં સરળતા લાવવા અને તેમના દ્વારા ખરીદેલી સિક્યોરિટીઝમાં રોકાણકારોના અધિકારોને સુરક્ષિત કરવા માટે, ૦૧ એપ્રિલ, ૨૦૧૯ ની અંતિમ તારીખ પહેલાં દાખલ કરાયેલા અને દસ્તાવેજો/પ્રક્રિયા/અથવા અન્યથા અસ્વીકાર કરાયેલા/પરત કરાયેલા/હાજર ન રહેલા ટ્રાન્સફર ડીડના પુનઃલોજ માટે ૦૭ જુલાઈ, ૨૦૨૫ થી ૦૬ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીના છ મહિનાના સમયગાળા માટે એક ખાસ વિન્ડો ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વધુ માહિતી માટે કૃપા કરીને ૨ જુલાઈ, ૨૦૨૫ ના રોજ SEBI/HO/MIRSD/MIRSD-PoD/P/CIR/2025/97 નો સંદર્ભ લો.**

ગેલેક્સી બેરિંગ્સ લિમિટેડ વતી,
સહી/-
ભરતકુમાર કે. ઘોડાસરા
પૂર્ણકાલિન ડાયરેક્ટર

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૨ ઓગસ્ટ, ૨૦૨૫


# મતોની ચોરી કરીને બનેલી સરકારને પ્રજાની મુશ્કેલીઓની ચિંતા નથીઃ રાહુલ

**નવી દિલ્હી,**

વર્તમાન કેન્દ્ર સરકાર ચોરીના મતોથી બનેલી હોવાના આક્ષેપનું પુનરાવર્તન કરતાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ લોકોને ખરેખર તેમના માટે કામ કરનારી અને તેમના પ્રત્યે જવાબદાર હોય તેવી સરકારની પસંદગી કરવાની હાકલ કરી હતી.બિહારમાં વોટર અધિકાર યાત્રા દરમિયાન એક્સ પરની એક પોસ્ટમાં રાહુલે જણાવ્યું હતું કે, લોકોએ તેમના મતાધિકારની શક્તિનો ઉપયોગ ભારત માતા અને બંધારણને બચાવવા માટે કરવો જોઈએ. સ્વચ્છ મતદાર યાદીએ મુક્ત અને ન્યાયી ચૂંટણીનો આધારસ્તંભ હોવાનું જણાવતાં તેમણે બિહારની પ્રજાને તેમનો મતાધિકાર છીનવાઈ ના જાય તે માટે જાગૃત રહેવા અપીલ કરી હતી. આરજેડીના નેતા તેજસ્વી યાદવની સાથેની આ યાત્રામાં રાહુલે સરકાર પર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, તેમના મતોની ચોરી થઈ રહી છે, અને જીવીત લોકોને મૃત જાહેર કરી તેમના નામ મતદાર યાદીમાંથી હટાવાઈ રહ્યાં છે.ઉલ્લેખનીય છે કે ચૂંટણી પંચે રાહુલ ગાંધીને તેમણે કરેલાં આક્ષેપો અંગે સોગંદનામું કરવા પોસ્ટમાં તેમણે લોકોને સવાલ કર્યો હતો કે, શું મતોની ચોરી કરીને રચાયેલી સરકારમાં ક્યારેય જનતાની સેવાની ભાવના હોઈ શકે ખરી? ના. તેમને તમારા વોટની પણ જરૂર નહીં હોવાથી તેમને તમારી મુશ્કેલીઓની કોઈ દરકાર નથી. દેશમાં બેરોજગારી માઝા મુકી રહી છે, પરંતુ સરકાર મૂડીપતિઓના ખિસ્સાં ભરી રહી છે. નીટ અને એસએસસી તથા પેપર લીક જેવા કૌભાંડોને કારણે હજારો યુવાનોની કારકિર્દી નષ્ટ થઈ છે. સરકારે ભ્રષ્ટાચાર સામે આંખો મીંચી દીધી છે. કુદકેને ભૂસકે વધતી મોંઘવારીને કારણે સામાન્ય માણસનું જીવન દોહ્યલું બન્યું છે તેમ તેમણે સરકાર પર પ્રહારો કરતાં જણાવ્યું હતું.


**વેસ્ટર્ન ટાઇમ્સ**

**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર



## TENDER NOTICE

- **Tender title :** Electrical and ELV work
- **Tender reference Number :**AUG-001
- **Scope of work :**Electrical Work for New construction of VR ECO RECYCLING PRIVATE LTD. KAPADVANJ KHEDA GUJARAT.
- **Location of Site** : Chikhlod, Chikhlod-Fagvel Road, Kapadwanj, Kheda, Gujarat-387640.
- **Survey No.** : 411/P1/P1 & 410/P1
- **Bid Opening Date :** 02/09/2025
- **Bid Submission Deadline date and time** : 23/08/2025 to 01/09/2025 Time 3.00PM
- **Pre BidMeeting** : 27/08/2025 12.00 PM
- **Eligibility & Submission Guidelines :**
- EMD – 15000
- Tender documents and detailed terms & condition can be obtained from (provide source – send email bellow) **vreco.tender@gmail.com**
- Sealed tender must be submitted to the mentioned address before the deadline.

**Reg. Office : 04,05 Ramdev Industrial Estate, Behind Vaibhav Estate, Near Kathwada Gate No. 5, Nikol Kathwada Ring Road, Nikol, Ahmedabad, Gujarat 382350**

**Contact Information : Contact Person : Divyesh savaliya**
**Email : vreco.tender@gmail.com**
**Phone : +91 8401164767, +91 9136477990**
**For further details, please reach out to the provided contact.**



## પ્રોમેક્ટ ઇમ્પેક્સ લિમિટેડ

[CIN: L25200GJ1985PLC007746]

**રજી. ઓફિસ :** ૧૨મો માળ- ૧૨૦૧, સિટી સેન્ટર-૨, હીર પાર્ટી પ્લોટની પાછળ, શુકન મોલ ક્રોસ રોડની નજીક, સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ -૩૮૦૦૬૦

**૪૧મી વાર્ષિક સામાન્ય સભા, અને ઈ-વોટિંગ અંગે નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે, કંપનીના સભ્યોની ૪૧મી વાર્ષિક સામાન્ય સભા **(AGM)** સોમવાર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૩.૦૦ કલાકે વિડિયો કોન્ફરન્સ **(VC)**/ અન્ય ઓડિયો વિડિયો માધ્યમ **(OAVM)** દ્વારા ૨૩મી જુલાઈ, ૨૦૨૫ની **AGM** ની જાણ કરતી નોટિસમાં જણાવેલ કામકાજ સારું બાબતોના મંત્રાલય દ્વારા જારી કરાયેલા પરિપત્ર નં. ૦૯/૨૦૨૪ તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૪ તેમજ સામાન્ય નં. ૨૦/૨૦૨૦ તા. ૫મી મે, ૨૦૨૦ના પેરા ૩ અને ૪ માં દર્શાવેલી જરૂરિયાત પ્રમાણે અને આ વિષય માટે પૂર્વમાં જાહેર કરેલા પરિપત્રો તેમજ સિક્યોરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના તા. ૩જી ઓક્ટોબર, ૨૦૨૪ ના પરિપત્ર (**SEBI** પરિપત્ર) અનુસાર મળશે. ઉપરોક્ત પરિપત્ર અનુસાર કંપની અને/અથવા ડિપોઝિટરીમાં જેમના ઈમેઈલ નોંધાયેલ છે તેવા જ સભ્યોને કંપનીએ **AGM**ની નોટિસ સાથે વાર્ષિક અહેવાલ ૨૦૨૪-૨૫ ઈમેઈલ દ્વારા મોકલ્યો છે. **AGM**ની નોટિસ સાથે કંપનીનો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ **www.promactimpex.com** અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડની વેબસાઈટ **www.evotingindia.com** પર અને **BSE** લિમિટેડની વેબસાઈટ **www.bseindia.com** પર પણ ઉપલબ્ધ છે.

કંપનીધારા, ૨૦૧૩ની કલમ ૧૦૮ તથા કંપની (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો ૨૦૧૪ ના નિયમ ૨૦ તેમજ સેબી (એલઓડીઆર) નિયમો, ૨૦૧૫ ના નિયમ ૪૪ અન્વયે કંપની તેના સભ્યોને નોટિસમાં જણાવેલ ઠરાવો ઉપર મત આપવા માટે 'રિમોટ ઈ-વોટિંગ' અને **AGM** સમયે 'ઈ-વોટિંગ' ની સુવિધાઓ આપે છે. કંપની ધારા, ૨૦૧૩ અને તેના અંતર્ગત ઘડવામાં આવેલા નિયમોની જોગવાઈઓ અનુસાર જરૂરી વિગતો અહીં નીચે

| | | |
|---|---|---|
| ૧. | AGM ની નોટિસ ફક્ત ઈમેઈલ દ્વારા મોકલવાની કામગીરી પૂર્ણ કર્યાની તારીખ | ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૫ |
| ૨. | રિમોટ ઈ-વોટિંગના પ્રારંભની તારીખ અને સમય | ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫, સવારે ૯.૦૦ વાગે |
| ૩. | રિમોટ ઈ-વોટિંગના સમાપનની તારીખ અને સમય | ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૫, સાંજે ૫.૦૦ વાગે |
| ૪. | રિમોટ ઈ-વોટિંગના હક્ક નક્કી કરવા માટેની કટ-ઑફ તારીખ | ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૫, |
| ૫. | કંપની દ્વારા AGMની નોટિસ ઈમેઈલ કર્યા પછી કંપનીના શેર હસ્તગત કર્યા હોય અને કંપનીના સભ્યો બન્યા હોય તેમજ કટ-ઑફ તારીખ સુધીમાં ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવતા સ્ટેટમેન્ટ ઓફ બેનેફિશિયલ ઓનર્સ/ કંપનીના સભ્યોના રજિસ્ટરમાં નામ ધરાવતા હોય તેવી વ્યક્તિ AGMની નોટિસમાં દર્શાવેલી પ્રક્રિયા બાદ રિમોટ ઈ-વોટિંગ પદ્ધતિ દ્વારા તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. | |
| ૬. | રિમોટ ઈ-વોટિંગ કરી શકશે નહીં | ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૫, સાંજે ૫.૦૦ વાગ્યા પછી |
| ૭. | AGM (VC/OAVM) દરમિયાન ઠરાવો પર AGM ઈ-મત આપવાની રીત | AGM દરમિયાન ઈ-વોટિંગની સુવિધા મળશે. જે સભ્યોએ પહેલા રિમોટ ઈ-વોટિંગ દ્વારા પહેલાથી જ પોતાનો મત આપ્યો છે તે VC/OAVM દ્વારા AGM માં હાજર રહી શકશે, પરંતુ AGMમાં ફરીથી ઈ-મત આપવા માટે હકદાર રહેશે નહીં. |
| ૮. | ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ (ઈ-મત) અને VC/ OAVM પ્લેટફોર્મ પ્રદાતા | સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ www.evotingindia.com |
| ૯. | રિમોટ ઈ-વોટિંગ (ઈ-મત) અંગે ફરિયાદ નિવારવા જવાબદાર વ્યક્તિની સંપર્ક વિગતો | શ્રી રાકેશ દલવી, મેનેજર<br>સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ<br>૨૫મો માળ, એ વિંગ, મેરેથોન ફ્યુચરએક્સ, મફતલાલ મિલ્સ કંપાઉન્ડ, એન.એમ.જોશી માર્ગ, લોઅર પરેલ (ઈ), મુંબઈ – ૪૦૦ ૦૧૩<br>ઈ મેઈલ આઈડી -helpdesk.evoting@cdslindia.com<br>ફોન નંબર – ૧૮૦૦૨૧૦૯૯૧૧ |

બોર્ડના હુકમથી
**પ્રોમેક્ટ ઇમ્પેક્સ લિમિટેડ** વતી,
અંકિત જે પટેલ
મેનેજિંગ ડાયરેક્ટર

**સ્થળ : અમદાવાદ**
**તારીખ : ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૫**



## સાનબ્લ્યૂ કોર્પોરેશન લિમિટેડ

CIN: L15400GJ1993PLC020073

રજી. ઓફિસ : ૨૨ - એ, ગવર્મેન્ટ સર્વન્ટ સોસાયટી, મ્યુનિસિપલ માર્કેટ પાસે, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
Email : inquiry@sanbluecorporation.com • Website: www.sanbluecorporation.com

**વાર્ષિક સાધારણ સભા સંદર્ભે નોટિસ**

આ સાથે નોટિસ આપવામાં આવે છે કે સાનબ્લ્યૂ કોર્પોરેશન લિમિટેડની ૩૨મી વાર્ષિક સાધારણ સભા ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ને શનિવારના રોજ બપોરે ૧૨-૦૦ વાગે વિડીઓ કોન્ફરન્સીંગ ("VC") /અન્ય ઓડિઓ વીઝ્યુઅલ મીન્સ ("OAVM") દ્વારા યોજાશે. જેમાં કંપનીની ૩૨મી એજીએમ નોટિસમાં નિર્દિષ્ટ બિઝનેસ વ્યવહારો કરાશે.

કોર્પોરેટ બાબતોનું મંત્રાલય, ભારત સરકાર ("MCA")ના સામાન્ય પરિપત્ર ક્રમાંક 20/2020 તારીખ 5 મે, 2020 અને તારીખ 25 સપ્ટેમ્બર, 2023 અને આ સંદર્ભે જારી કરાયેલા અન્ય પરિપત્રો અને વધુ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("SEBI")એ તેના 7 ઓક્ટોબર, 2023ના પરિપત્ર ("SEBI પરિપત્ર") દ્વારા SEBI (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 (''લિસ્ટિંગ રેગ્યુલેશન્સ'')ની કેટલીક જોગવાઈઓના પાલનમાં છૂટછાંટ આપી છે તદનુસાર, કંપનીઓને સામાન્ય સ્થળે સભ્યોની ભૌતિક હાજરી વિના વીડિયો કોન્ફરસિંગ / અન્ય ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમો (VC/OAVM) દ્વારા વાર્ષિક સામાન્ય સભા ("AGM") યોજવાની છૂટ છે આમ પરિપત્રોના પાલનમાં કંપનીની વાર્ષિક સામાન્ય સભા ("AGM") વીડિયો કોન્ફરસિંગ / અન્ય ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમો (VC/OAVM) દ્વારા યોજવામાં આવેલ છે.

સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના કાયદાની કલમ ૯૧ અને નિયમન ૪૨ અનુસાર, કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ શનિવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી શનિવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ (બંને દિવસો સહિત) નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કંપનીની ૩૨મી વાર્ષિક સામાન્ય સભાના હેતુ માટે બંધ રહેશે.

વાર્ષિક અહેવાલ સાથેની એજીએમ નોટિસ, જે સભ્યોનાં ઈ-મેલ એડ્રેસ કંપની /ડિપોઝિટરીઝ સમક્ષ રજિસ્ટર્ડ થયેલ છે તેમને ઈલેક્ટ્રોનિક પ્રકારે મોકલી અપાયેલ છે. સભ્યો એ પણ ધ્યાનમાં લે કે નોટિસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ; www.sanbluecorporation.com સ્ટોક એક્સચેન્જ વેબસાઈટ; એટલે કે બીએસઈ લિમિટેડ www.bseindia.com અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસ લિમિટેડ વેબસાઈટ; www.evotingindia.com ઉપર પણ ઉપલબ્ધ થશે.

કંપનીને એ જણાવતા આનંદ થાય છે કે પોતાના સભ્યો માટે CDSL દ્વારા વ્યવસ્થા કરીને ઈલેક્ટ્રોનિક પ્રકારે ઈ-વોટીંગની સુવિધા પૂરી પાડવામાં આવશે. પ્રોક્સી અને બેલટ, વગેરેથી વોટીંગ સુવિધા એજીએમ ખાતે ઉપલબ્ધ નથી. જે સભ્યો એજીએમમાં હાજર રહે અને જેમણે એજીએમ અગાઉ ઈ-વોટીંગથી પોતાનો મત આપેલ નથી, તેઓ વિડિઓ કોન્ફરન્સથી હાજરી આપી પોતાનો મત આપી શકે છે.

૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે સવારે ૯-૦૦ વાગ્યે ઈ-વોટીંગ પ્રારંભ થશે અને ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫-૦૦ વાગે પૂર્ણ થશે. આ સમયગાળા દરમિયાન કંપનીના સભ્યો ફિઝિકલ કે ડીમટીરીઅલાઈઝ્ડ સ્વરૂપે કટ ઓફ તારીખના રોજ એટલે કે શનીવાર ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ધરાવતા હશે, તેઓ પોતાનો મત ઈલેક્ટ્રોનિક્લી આપી શકે છે. તે પછી ઈ-વોટીંગ મોડ્યુલ મતદાન માટે બિન કાર્યક્ષમ થઈ જશે.

શેરધારકોને વિનંતી છે કે તેઓ નોંધ લે કે સેબીની જોગવાઈઓ અનુસાર, ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા તમામ શેરધારકોએ PAN, નોમિનેશનની પસંદગીની સંપર્ક વિગતો (પિન અને મોબાઇલ નંબર સાથેનું ટપાલ સરનામું), બેંક ખાતાની વિગતો અને તેમના સંબંધિત ફોલિયો નંબરો માટે નમૂનાની સહી આપવી ફરજિયાત છે.

ઈ-વોટિંગ સંદર્ભે આપને કોઈ પૂછપરછ સમસ્યા હોય તો આપ ફ્રીકવન્ટલી આસ્કડ ક્વેશ્ચન્સ (FAQs) અને ઈ-વોટિંગ મેન્યુઅલ જોઈ શકો છો જે www.cdslindia.com ઉપર હેલ્પ સેક્શન હેઠળ ઉપલબ્ધ છે; અથવા ઈ-મેલ કરો : helpdesk.evoting@cdslindia.com અથવા કોલ કરો ૧૮૦૦૨૦૦૫૫૩૩ અથવા ૦૨૨-૨૩૦૫૮૭૩૮. વધુમાં, ઈ-વોટિંગ કે નિયત એજીએમમાં પસાર થનાર સુચિત ઠરાવ સંદર્ભે પુછપરછ હોય તો કંપનીની રજિસ્ટર્ડ કચેરીએ જણાવો અથવા ઈ-મેલ કરો : inquiry@sanbluecorporation.com

સાનબ્લ્યૂ કોર્પોરેશન લિમિટેડ
જોશ ડેનીચલ (મેનેજીંગ ડિરેક્ટર)
DIN: 03532474

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૨ ઓગસ્ટ, ૨૦૨૫

# Kenstar introduces India's first energy efficient 5-Star rated Air Cooler range

Gurugram, Kenstar, one of the most trusted brands in India for nearly three decades, today announces the launch of its exclusive range of India's first 5 Star BEE Rated Energy Efficient Air Coolers in Gurugram, Haryana. The new range of Coolers comes along with an unmatched peace of mind, offering 5-year warranty. This state-of-the-art innovation powers Kenstar's "The Power of 5", campaign reinforcing the brand's commitment to sustainability, and energy efficiency, while delivering uncompromised cooling performance and strengthening customer trust.

At Kenstar, innovation is not just about technology, it's about enhancing lives, fostering trust, and creating lasting value for customers. This new range of Air Coolers combines energy efficiency with cutting-edge technology, ensuring superior cooling performance while saving on electricity bills. Along with the power of 5, the coolers come equipped with BLDC Maxx Technology, Quadra Flow Technology for powerful air delivery, Hydro Dense Mesh Honeycomb Cooling Pads for enhanced cooling and durability & Heavy Duty & Double Ball Bearing Motor for robust performance and longer life.

Speaking on the occasion, Sunil Jain, CEO – Kenstar, said, "The newly introduced BEE 5-Star rated Kenstar coolers range is a testament to our unwavering commitment to sustainability and resonates with our Government of India's vision of a greener and energy-efficient tomorrow. At Kenstar, we believe that true success is measured not by the milestones we achieve, but by the smiles we bring to those we serve. Each appliance we design is crafted with precision, quality, and a promise to enhance everyday living. The Power of 5 perfectly embodies our dedication to bringing together an unmatched Performance along with, best-in-class Efficiency, Uncompromised Quality, exceptional Durability and a promise of Reliability to every home we serve."

Santosh Bhamre, National Sales Head – Kenstar, said, "We are thrilled to introduce India's first 5 Star rated air cooler range. This achievement will further strengthen our customers confidence, enabling them to make a more informed buying decision. This recognition along with 5 years warranty is a real endorsement of Kenstar's commitment to delivering technological innovation, superior energy efficiency, and products that are competitively priced without compromising on quality."

# ChatGPT maker OpenAI confirms plans to open 1st India office

New Delhi, Aug 22 (IANS) ChatGPT maker OpenAI on Friday confirmed plans to open its first India office in New Delhi later this year, alongside new data highlighting the rapid adoption of its tools in the country.

